## તંત્રી સ્થાનેથી......

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ નેશનલ વોટરવેઝ-૬૮ના નિર્માણ પર ખુશી વ્યક્ત કરી છે જેણે ગોવાના પંજિમથી વાસ્કો વચ્ચેનું અંતર ૯ કિમી જેટલું ઘટાડી દીધું છે અને આ યાત્રા હવે માત્ર ૨૦ મિનિટમાં પૂર્ણ કરી શકાશે. અગાઉ પંજીમથી વાસ્કોનું અંતર અંદાજે ૩૨ કિલોમીટર હતું અને મુસાફરીનો સમય આશરે ૪૫ મિનિટનો હતો. કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગો અને પર્યટન રાજ્ય મંત્રી શ્રી શ્રીપદ વાય. નાઈકના ટ્વીટ થ્રેડના જવાબમાં, શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ગોવાના પંજિમથી વાસ્કો વચ્ચેની આ કનેક્ટિવિટી લોકોને રાહત આપશે તેમજ પ્રવાસનને પ્રોત્સાહન આપશે. "પંજિમથી વાસ્કો સુધીની આ કનેક્ટિવિટી લોકોને રાહત આપશે તેમજ પ્રવાસનને વેગ આપશે."



કમલમ્ ન્યુઝ,

દિલ્હી ખાતે યોજાયેલા સ્વચ્છ સુજલ શક્તિ સન્માન સમારોહમાં કચ્છ જિલ્લાના રાજીબેન વણકરને પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટની શ્રેષ્ઠ કામગીરી માટે પસંદગી કરીને માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતિ દ્રોપદી મુર્મુ દ્વારા સન્માનિત કરાયા હતા. ભારત સરકાર દ્વારા સ્વચ્છ સુજલ શક્તિ સન્માન ૨૦૨૩ કાર્યક્રમ અંતર્ગત ગુજરાત રાજયના કચ્છ જિલ્લાના રાજીબેન વણકરને બાયોડીગ્રેડેબલ વેસ્ટ તેમજ પ્લાસ્ટિક વેસ્ટના મેનેજમેન્ટ માટે રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મૂર્મુના વરદહસ્તે આ સન્માન પ્રાપ્ત થયું છે.

# આરોગ્યમંત્રીશ્રીના હસ્તે ૧૦૮ સીટીઝન મોબાઈલ એપ્લિકેશનનું નવું વર્ઝન લોન્ચ કરાયું

### નજીકની સરકારી કે ખાનગી હોસ્પિટલો, બ્લડ બેંકની વિગતો એપ્લિકેશન દ્વારા જાણી શકાશે

કમલમ્ ન્યુઝ,રાજકોટ

રાજય સરકારની ૧૦૮ આરોગ્ય વિષયક સેવાને વધુ સુદ્રઢ કરવા માટે આરોગ્ય મંત્રીશ્રી દ્વારા સીટીઝન મોબાઈલ એપ્લિકેશનનું નવીનતમ વર્ઝન આજે લોન્ચ કરાયુ હતું. ૧૦૮ સિટીઝન મોબાઈલ એપ્લીકેશનના નવા વર્ઝનમાં બ્લડ બેંક, હોસ્પિટલ સરળતાથી જી.પી.એસ. બટનપર ક્લિક કરીને શોધી શકાશે. ૭૦૦૦ કરતા પણ વધુ સરકારી અને ખાનગી હોસ્પિટલ તેમાં ઉપલબ્ધ સુવિધા અને સ્પેશ્યાલિટીની અદ્યતન માહિતી ઉપલબ્ધ છે, જેની નાગરિકો જાતે સર્ચ કરી નજીકની હોસ્પિટલ પસંદ કરી શકશે.આ એપમાં ૧૦૮ બટન દબાવીને એમ્બ્યુલન્સને કૉલ કરી શકાય છે, તથા ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટરમાં - કૉલરની વિગતો જેમ કે નામ, ઉંમર વગેરે- જે એપ્લિકેશનમાં અપડેટ કરવામાં આવશે. ૧૦૮ સીટીઝન મોબાઈલ એપ Android અને ios બંનેમાં કાર્યાન્વિત કરવામાં આવેલ છે. આ એપમાં ફોન કોલ કર્યા સિવાય પણ લોકો નજીકની ઉપલબ્ધ એમ્બ્યુલન્સને પસંદ કરી ઘટના સ્થળે બોલાવી શકે છે. જેનાથી ઘટના સ્થળની માહિતી મેળવવામાં સમયનો બચાવ થશે અને સારવાર આપવાના ગોલ્ડન અવર્સનો દર્દીને લાભ મળશે. આ એપમાં પ્રસુતા માતા અને બાળક માટે ઉપલબ્ધ નિઃશુલ્ક સારવારની સેવા પૂરી પાડતી ૨૪ કલાક ડીલીવરી સેવા આપતી મહત્વની સરકારી, ખાનગી હોસ્પિટલો, બાલ સખા હોસ્પિટલો અને બ્લડ બેંક અને ઉપલબ્ધ બ્લડ ગ્રુપની માહિતી વગેરે સરળતાથી મેળવી શકાશે. ઘટના સ્થળથી હોસ્પિટલ સુધી જવાનો રસ્તો પણ ગુગલ-મેપમાં નેવિગેટ દ્વારા આપમેળે જ મળી શકશે. એપ્લિકેશનમાં એમ્બ્યુલન્સનો રૂટ મેપ અને અંદાજીત સમય (ETA) અને આવનાર એમ્બ્યુલન્સના




કર્મચારીનો સંપર્ક નંબર પણ મળી શકશે.

આ એપ ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી એમ ત્રણેય ભાષામાં ઉપલબ્ધ રહેશે. લાભાર્થીઓ સેવા વિશે પોતાના અનુભવ, સુચન કે અભિપ્રાય પણ આ એપનાં માધ્યમથી રેટિંગ થકી આપી શકશે ૧૦૮ સેવાના લાભાર્થી દ્વારા વિવિધ સમયે આ સેવાનો જેટલી વાર ઉપયોગ કર્યો હોય તે તમામ માહિતી મોબાઈલ એપ યુઝર પ્રોફાઈલમાં ઉપલબ્ધ રહેશે તે પ્રકારની વ્યવસ્થા મોબાઈલ એપમાં ઉપલબ્ધ છે તેમ પ્રોગ્રામ મેનેજરશ્રી અભિષેક ઠાકરએ જણાવ્યું હતું.



કમલમ્ ન્યુઝ,સમીર શાહ.

તાપી જિલ્લાના વ્યારા નગરમાં ભારતીય યુવા મોરચા તાપી જિલ્લા આયોજિત બાઈક રેલીનું આયોજન. વ્યારા નગરમાં ગુજરાત રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવી ની ઉપસ્થિતિમાં બાઈક રેલી યોજાય. જેમાં રામજી મંદિર થઈ કાનપુરા વિસ્તાર માં થઈને જૈન વાડી પાસે જૈન સમાજ દ્વારા ગૃહ મંત્રી હર્ષ સંઘવી બહુમાન કરવામાં આવ્યું હતું અને જૈન સમાજ ના અગ્રણીઓ હાજર રહ્યા હતા

# વિશ્વ મહિલા દિન નિમિત્તે વલસાડમાં જિલ્લા કલેક્ટરશ્રી ક્ષિપ્રા આગ્રેના હસ્તે પ્રદર્શન-વેચાણ મેળો ખુલ્લો મુકાયો

### આ પ્રદર્શનથી મહિલાઓની પ્રોડક્ટનું માર્કેટિંગ થશે અને આજીવિકાની તક પણ મળશેઃ કલેક્ટરશ્રી



### પ્રદર્શનમાં સખી મંડળની બહેનોએ બનાવેલી પ્રોડક્ટ વેચાણમાં મુકાઈ

કમલમ્ ન્યુઝ,વલસાડ

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ અને હોળીના તહેવાર નિમિત્તે નાબાર્ડ દ્વારા વલસાડના મોંઘાભાઈ હોલ ખાતે તા. ૪ અને ૫ માર્ચના રોજ બે દિવસીય પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું ઉદઘાટન તા.૪ માર્ચના રોજ શનિવારે વલસાડ જિલ્લા કલેકટર શ્રી ક્ષિપ્રા આગ્રેના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રેએ જણાવ્યું હતુ કે, આ પ્રદર્શનનો ઉદેશ્ય સખી મંડળની મહિલાઓને માર્કેટિંગ પ્લેટફોર્મ પ્રદાન કરી આજીવિકાની તક ઉભી કરવાનો છે. સ્વસહાય જૂથ દ્વારા બનાવવામાં આવેલા ઉત્પાદનોને પ્રદર્શનમાં વેચાણ માટે પ્રદર્શિત કરવામાં આવ્યા છે. આ પ્રદર્શનમાં હસ્તકળા, વાંસની વસ્તુઓ, આર્ટિફિશિયલ જ્વેલરી, વારલી પેઈન્ટિંગ્સ, દેશી ગીર ગાયનું ઘી, ફેન્સી ગાર્મેન્ટસ તેમજ હોળી ઓર્ગેનિક રંગ, મધ અને ફેન્સી કેન્ડલ્સના રંગ વગેરેના સ્ટોલ રાખવામાં આવ્યા છે. આ પ્રદર્શન મેળો આજે તા. ૪ અને ૫ મી માર્ચના રોજ સવારે ૧૦ થી રાત્રે ૮ વાગ્યા સુધી ખુલ્લો રહેશે. આ કાર્યક્રમમાં વલસાડ નાબાર્ડના ડી.ડી.એમ ગૌરવકુમાર, બેંક ઓફ બરોડાના રીજિયોનલ મેનેજર શૈલેન્દ્રસિંગ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના રીજિયોનલ મેનેજર મૃત્યુંજયકુમાર, વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓ.બેંકના સી.ઈ.ઓ રોહિત પટેલ, યુપીએલના સી.એસ.આર હેડ રીશિ પઠાનીયા અને બેંક ઓફ બરોડાના એલ.ડી.એમ નિતેશ શર્મા ઉપસ્થતિ રહ્યા હતા.

# મહિલાઓ માટે નાણાકીય સાક્ષરતા સેમીનારનું આયોજન



કમલમ્ ન્યુઝ,સમીર શાહ

વ્યારા ખાતે તા. ૪ માર્ચ ૨૦૨૩ ના રોજ ઈનર વ્હીલ કલબ વ્યારા અને ભગિની સમાજ, વ્યારા ના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના ઉપલક્ષમાં મહિલાઓ માટે નાણાકીય સાક્ષરતાની જાણકારીઓ રમતો ના માધ્યમ થી જાણીતા અને અનુભવી નિષ્ણાંત ફાઈનાન્સિયલ કોચ શ્રી દિપેન શાહ દ્વારા આપવામાં આવી હતી જેમાં વ્યારા નગરની મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સેમિનાર માં મહિલાઓને બિઝનેસ પ્લાન બનાવી પગભર થવાના રસ્તા પણ પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. ઈનર વ્હીલ કલબ વ્યારા ના પ્રમુખ ચિત્રાલી શાહ, મંત્રી મીનાક્ષી શાહ, ખજાનચી નોવા રાણા અને અન્ય સભ્યો હાજર રહ્યા હતા. ભગિની સમાજ વ્યારા ના પ્રમુખ સેજલ શાહ, મંત્રી કેતકી શાહ તેમજ અન્ય સભ્યો પણ હાજર રહી આ સેમિનાર ને માણ્યો હતો.

# મુંદરાની શાહ બુખારી પીરની દરગાહે હાજીપીરના યાત્રાળુઓ ઉમટયા - મેળાનો માહોલ

### અલ મદદ કમીટી અને આરોગ્ય વિભાગ દ્વારા સેવા કેમ્પનું આયોજન કરાયું




કમલમ્ ન્યુઝ,મુંદરા


હાજીપીર યાત્રાથી પરત ફરતા યાત્રાળુઓ માટે ૨૦૦૯થી મુંદરાની અલ મદદ કમીટી અને આરોગ્ય વિભાગના સંયુકત ઉપક્રમે ડાક બંગલાના ગેટ પાસે ત્રણ દિવસ માટે યોજાતા સેવા કેમ્પને રીબીન કાપીને ખુલ્લું મુકતા નગરપાલિકાના પ્રમુખ કિશોરસિંહ પરમારે જણાવ્યું હતું કે દેશને વિકાસની નવી ગતિ આપનાર ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના મંત્ર સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસને યાદ કરતા અલ મદદ કમિટી અને આરોગ્ય વિભાગની સેવા ભાવનાના પ્રયાસને બિરદાવી તન, મન અને ધનથી ભરોસાની ભાજપ સરકાર દ્વારા કેમ્પ માટે તમામ પ્રકારે સહકાર આપવાની જાહેરાત કરતા ચાલુ વર્ષે અવસાન પામેલ કેમ્પના પાયાના પથ્થર સમાન એવા એમ. પી. ખોજા અને સલીમ ભીમાણીની નિઃસ્વાર્થ સેવાને યાદ કરીને શ્રદ્ધાંજલિ આપી હતી.

જ્યારે કચ્છ પત્રિકાના તંત્રી અને જાણીતા પત્રકાર દિલીપભાઈ ગોરે મુખ્ય આયોજક લતીફ આમદ સુમરાની સેવાની પ્રશંસા કરતા પ્રાસંગીક ઉદબોધન કર્યું હતું. તેમની સાથે પ્રકાશભાઈ ઠક્કર, પ્રકાશભાઈ પાટીદાર, ધર્મેન્દ્રસિંહ ઝાલા, ભોજરાજભાઈ ગઢવી, સંજયભાઈ ઠક્કર વિગેરે હાજર રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે કચ્છની રણકાંધીએ આવેલા હાજીપીર બાબાની મજાર પર મન્નત પુરી કરવા કચ્છ - સૌરાષ્ટ્ર ઉપરાંત ગુજરાતમાંથી લાખો શ્રધ્ધાળુઓ આવતા હોય છે જે છેલ્લે મુંદરાની શાહ બુખારી પીરની દરગાહે માથું ટેકવી અહીંના પ્રખ્યાત અવ - નવી જાતના હલવાને પ્રસાદીરૂપે ઘરે લઈ જતા હોય છે ત્યારે મુન્દ્રામાં આવતા તમામ યાત્રાળુઓને પોતાના મહેમાન સમજીને તેમને અગવડ ન પડે તે માટે નગરપાલિકાની ટીમ દ્વારા તાત્કાલિક નદી વિસ્તારમાં પડેલા ખાડાઓમાં માટી પુરાવી અને સાફ સફાઈ કરાવી આપવા બદલ પ્રમુખશ્રી કિશોરસિંહ પરમાર અને તેની ટીમનો આભાર વ્યક્ત કરતા મુખ્ય આયોજન લતીફભાઈ સુમરાએ કચ્છમિત્રના પત્રકાર વિનોદભાઈ મહેતાના સહયોગને પણ આ તબબકે યાદ કરી આભારની લાગણી વ્યકત કરી હતી.

ત્રણ દિવસ ચાલનારા આ કેમ્પમાં હજારોની સંખ્યામાં યાત્રાળુઓ લાભ લેતા હોય છે ત્યારે કેમ્પને સફળ બનાવવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઝરપરાના મેડિકલ ઓફિસર ડો. રુચિતાબેન ધુઆ અને સુપરવાઈઝર પ્રકાશભાઈ ઠક્કરની આરોગ્ય ટીમ, પી. એમ. પી. એસોસિએશનના ડો. કિશોરભાઈ પટેલની ટીમ, અલ મદદ કમિટીના અમીન સુમરા, ફિરોઝ ચાકી, રજાક સુમરા તથા સમગ્ર ટીમ અને યસ એન્ટરપ્રાઈઝ દ્વારા ત્રણ દિવસ માટે વિનામૂલ્ય પૂરી પાડવામાં આવતા ફિલ્ટર પાણીની સેવાને બીરદાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પત્રકાર સીરાજભાઈ મલેક દ્વારા કરવામાં આવેલ અને આભારવિધિ પત્રકાર ઈમરાનભાઈ અવાડિયાએ કરી હતી.

# ડાંગ જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા વાર્ષિક શૈક્ષણિક સંમેલન કાર્યક્રમો યોજાયા

### શૈક્ષણિક સંમેલનના કાર્યક્રમો ડાંગ જિલ્લામા શિક્ષણને વધુ ઉજાગર કરશે - શ્રી મંગળભાઇ ગાવિત



કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

ડાંગ જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓના જીલ્લા કક્ષાનુ વાર્ષિક શૈક્ષણિક સંમેલન ડાંગ દરબારના "રંગ ઉપવન" ખાતે તા.૦૩/૦૩/૨૦૨૩ના રોજ જીલ્લા પંચાયત પ્રમુખશ્રી મંગળભાઈ ગાવિતના અધ્યક્ષાપણા હેઠળ યોજવામા આવ્યુ હતુ. આ પ્રંસગે શ્રી મંગળભાઈ ગાવિતે જણાવ્યુ હતુ કે, ૧૦ વર્ષ બાદ યોજાઈ રહેલ શૈક્ષણિક સંમેલનના કાર્યક્રમો ડાંગ જિલ્લામા શિક્ષણને વધુ ઉજાગર કરશે, જિલ્લામા શિક્ષણની જ્યોત પ્રજલિત કરવા માટે શૈક્ષણિક સંમેલનો ખુબ જ જરૂરી છે. આ કાર્યક્રમને પુનઃ મંજુરી આપવા બદલ જિલ્લા વહિવટી વડાશ્રી ડો. વિપિન ગર્ગનો આભાર વયકત કર્યો હતો. શૈક્ષણિક સંમેલનોથી બાળકોમા વિકાસ કૌશલ્ય વધશે. તેમજ વિધ્યાર્થીઓ દ્વારા રજુ કરવામા આવેલ અદભુત કૃતિઓ બદલ શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. ડાંગ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી નરેદ્રભાઈ.એચ.ઠાકરેએ વાર્ષિક શૈક્ષણિક સંમેલનમા ઉપસ્થિત તમામ મહાનુભાવોનુ શાબ્દિક સ્વાગત તેમજ સમગ્ર વાર્ષિક શૈક્ષણિક સંમેલનમા વાર્તા સ્પર્ધા, સુલેખન સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, અને મનોરંજન સ્પર્ધામા ભાગ લેનાર તમામ શાળાઓ, શિક્ષકો, અને બાળકોને પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરું પાડ્યુ હતુ. સમગ્ર કાર્યક્રમમા વાર્તા સ્પર્ધા ,સુલેખન સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, અને મનોરંજન સ્પર્ધા મળી કુલ ૩૧ જેટલી કૃતિઓ બાળકો દ્વારા રજુ કરવામા આવી હતી. સ્પર્ધામા ભાગ લેનાર બાળકો તથા માર્ગદર્શન આપનાર શિક્ષકોમા ખુબ ઉત્સાહ જોવા મળ્યો હતો. બાળકોની પ્રતિભાને બિરદાવવા ડાંગ જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા પ્રોત્સાહક ઈનામ, પ્રમાણપત્ર, શીલ્ડ સાથે સન્માનિત કરવામા આવ્યા હતા. સાથે વર્ષ દરમિયાન ગુણોત્સવ-૨.૦મા એ-ગ્રેડ ધરાવતી, SOE મા શ્રેષ્ઠ પ્રદર્શન, FLN ઉત્કૃષ્ટ સિદ્ધિ ધરાવતી શાળાઓ અને શિક્ષકોને સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમા ડાંગ જીલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન શ્રીમતિ નીલમબેન ડી.ચૌધરી, જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી એસ.જી.પાટીલ, ડાયટ વઘઈના પ્રાચાર્ય શ્રી ડૉ.બી.એમ.રાઉત, જીલ્લા શિક્ષણાધિકારીશ્રી વી.ડી.દેશમુખની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તેમજ આઈ.સી.ડી.એસ.ના ચેરમેન શ્રીમતિ સારુબેન વળવી, તથા જીલ્લા પંચાયત સદસ્યશ્રીઓ વિજયભાઈ, મયનાબેન વિજીલન્સ સ્કવોડ જીઈબી વડોદરાના શ્રી પી.એસ.પાલવે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાત જિલ્લા અને તાલુકા પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખશ્રીઓ, શિક્ષકો, વાલીઓ તેમજ મોટી સંખ્યામા બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસા જલારામ મંદિરે પાણીની પરબનો કરાયો શુભારંભ



કમલમ્ ન્યુઝ,આનંદ ઠકકર ડીસા

દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉનાળાની ગરમીની શરૂઆત થતાં જ ડીસા જલારામ મંદિર ખાતે તારીખ ૨-૩-૨૦૨૩ ગુરૂવારે જલસેવા કેન્દ્ર-પાણીની પરબનુ ઉદ્‌ઘાટન કરી તેનો દિવ્ય શુભારંભ કરાયો હતો. આ પ્રેરણાદાયી અવસરે જલારામ ભકતો તેમજ ડીસા નગરની વિવિધ સેવાભાવી સંસ્થાઓના અગ્રણીઓ સર્વ શારદાબેન આચાર્ય,ભગવાનભાઈ બંધુ,કેશવલાલ ચાવડા, નાથાલાલ બ્રહ્મક્ષાત્રિય,બળદેવભાઈ રાયકા, મહેશભાઈ ઉડેચા,કમલેશભાઈ રાચ્છ,આનંદભાઈ પી.ઠકકર, ચંદુભાઈ એટીડી,દીલીપભાઈ બારોટ, પ્રકાશભાઈ ન્યાલચંદભાઈ મજેઠીયા,વિષ્ણુભાઈ ઠક્કર, સુરેશભાઈ દેવવાળા, દિનેશભાઈ કવિરાજ, કલ્પેશભાઈ જેઠાલાલ ઠકકર, કનુભાઈ હાલાણી, આર.ડી.ઠકકર, પ્રકાશભાઈ કાનાબાર, દિનેશભાઈ ચોકસી,ભરતભાઈ પટેલ,રમેશભાઈ પટેલ, પ્રેમજીભાઈ ચૌધરી,પ્રવિણભાઈ ઠકકર,અમરતમામા,ગણપતભાઈ અખાણી, પૂજાબેન ઠકકર,બીનાબેન ઠકકર,મોનાબેન ઠકકર,ઋત્વીબેન ઠકકર,જાનકીબેન ઠકકર,રીપલબેન ઠકકર સહિત અનેક સેવાભાવીઓએ ખાસ હાજર રહી દીપપ્રાગટય કરી પૂજ્ય જલારામ બાપાના જય જયકાર સાથે પાણીની પરબ તેમજ વિસામાનું ઉદ્‌ઘાટન કર્યું હતું.ઉનાળાના ચાર મહિના ડીસા શહેર તેમજ તાલુકાના અનેકજનોને પીવાનુ ઠંડું પાણી મળી રહે તેવી વ્યવસ્થિત સુવિધા કરવામાં આવેલ છે જેની શહેરીજનોએ પણ ભારે પ્રશંસા કરેલ છે.

# નિઝર અને કુકરમુંડા તાલુકા માટે રોજગાર, સ્વરોજગાર અને આર્થિક વિકાસલક્ષી પ્રવૃત્તિઓનું યોજનાકીય માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

### સ્વાધ્યાયથી સ્કીલ ડેવલપ કરવા અનુરોધ કરતા જિલ્લા સમાહર્તા સુશ્રી ભાર્ગવી દવે



કમલમ્ ન્યુઝ, રાકેશ વાળા

તાપી જિલ્લાના નિઝર ITI ખાતે NITI આયોગ ના Aspirational Block Program અંતર્ગત પસંદ થયેલ નિઝર અને કુકરમુંડા તાલુકા માટે રોજગાર, સ્વરોજગાર અને આર્થિક વિકાસલક્ષી પ્રવૃત્તિઓનું યોજનાકીય માર્ગદર્શન જિલ્લા સમાહર્તા સુશ્રી ભાર્ગવી દવેના અધ્યક્ષાસ્થાને આપવામાં આવ્યું હતું. અધ્યક્ષાસ્થાનેથી શ્રી દવેએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, સિધ્ધિ તેને વરે જે પરશેવે ન્હાય.

તેમણે જીવનમાં મહેનતનું મહત્વ સમજાવી સૌને સ્વાધ્યાયથી સ્કીલ ડેવલપ કરવા માર્ગદર્શન આપ્યુ હતું. પોતાના જીવનના વિવિધ અનુભવો વર્ણવી વિદ્યાર્થીઓને અભ્યાસનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે G-20 અંગે તથા NITI આયોગ ના Aspirational Block Program અંતર્ગત પસંદ થયેલ નિઝર અને કુકરમુંડા તાલુકા માટે તાપી જિલ્લા વહિવટી તંત્રે આયોજન કરેલ વિવિધ બાબતો અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. અંતે તેમણે સૌને આત્મનિર્ભર બની દેશના અને તાપી જિલ્લાના વિકાસમાં સહભાગી થવાના સંકલ્પ લેવડાવ્યા હતા. કાર્યક્રમમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર શ્રી ધર્મેશભાઈ સોલંકીએ ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ચાલતી વિવિધ યોજનાઓ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે એક સાથે અન્ય કોર્ષ પણ કરી પોતાની સ્કીલમાં મહારત હાંસલ કરવાઅનુરોધ કર્યોહતો. RSETI ના શ્રી આશિષભાઈ ચૌધરી એ કાર્યક્રમને અનુલક્ષી જરૂરી માર્ગદર્શન આપતા રહેવા જમવાની નિ:શુલ્ક સેવા સાથે RSETI હેઠળ ચાલતી વિવિધ તાલીમો, માર્ગદર્શક શિબિરો અંગે માર્ગદર્શન આપી તેનો લાભ લેવા વિદ્યાર્થીને અનુરોધ કર્યો હતો. EDII ના અધિકારી શ્રી તેજસભાઈ મોદી દ્વારા પ્રેઝનટેશનના માધ્યમથી કૌશલ્ય અને ઉદ્યમશીલતા મંત્રાલય હેઠળ ચાલતા હસ્તકલા સેતુ યોજના અંગે વિગતવાર માહિતી આપી હતી. IIM અમદાવાદના ફેલો શ્રી હાર્દિક પરમારે દેશના અમૃતકાલના પ્રથમ બજેટ માં જાહેર કરેલ Aspirational Block Program અંતર્ગત તાપી જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા ત્વરિત પગલાં ભરી નિઝર અને કુકર મુંડા તાલુકાના વિકાસ અર્થે વિવિધ કાર્યક્રમો અંગે જાણકારી હતી. કાર્યક્રમના અંતે આભારદર્શન આઈટીઆઈના પ્રિન્સીપાલશ્રી જ્યોતિષભાઈ ચૌધરીએ કર્યું હતું. આ કાર્યક્રમમાં વ્યારા મામતદારશ્રી હિમાશું સોલંકી, નિઝર ના મામલતદારશ્રી, કુકરમુંડા મામલતદારશ્રી સહિત વિવિધ ઉચ્ચ અધિકારીઓ અને કુકરમુંડા અને નિઝર આઈટીઆઈના વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.









"તાપી જિલ્લા પાસેથી ઘણું મેળવ્યું છે પરંતું તાપીને કઇક આપવાનો મોકો પહેલી વાર મળ્યો છે."- માન.ગૃહરાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી

# ગુજરાત રાજ્યના માન.ગૃહરાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને લોન મેળા અંતર્ગત ચેક વિતરણ યોજાયો

## નવા ચૂંટાયેલા પ્રતિનિધીઓના પ્રયાસો થકી ગૃહ વિભાગમાંથી તાપી જિલ્લામાં નવા ૧૧૦ સીસીટીવી કેમેરાઓ લાગશે."-માન.ગૃહરાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી

કમલમ્ ન્યુઝ,

રમત-ગમત અને યુવક સેવા, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન અને સાંકૃતિક પ્રવૃતિઓ તથા રાજ્યકક્ષાના મંત્રીશ્રી અને ગુજરાત રાજ્યના માન.ગૃહરાજ્યમંત્રીશ્રી હર્ષા સંઘવીના અધ્યક્ષાસ્થાને તથા રાજ્યના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણી પુરવઠા અને તાપી જિલ્લા પ્રભારી મંત્રી શ્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતીમાં તાપી જિલ્લાના વ્યારા સ્થિત ડૉ.શ્યામા પ્રસાદ ટાઉન હોલ ખાતે લોન/ધિરાણ કેમ્પ અંતર્ગત ચેક વિતરણ કાર્યક્રમ તાપી જિલ્લા પોલીસ અને જિલ્લા પ્રસાશન દ્વારા યોજાયો હતો. કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી ગૃહમંત્રીશ્રીએ સૌને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, નાગરિકો પોતાની આર્થીક સમસ્યા ઝડપથી હલ કરવા વ્યાજ ખોરો પાસે જતા હોય છે જેમાં વ્યાજ ખોરો ભોળા નાગરિકોના વિશ્વાસનો ગેરફાયદો ઉઠાવી તેઓની સંપત્તિ ઝડપી લેતા હોય છે. ગુજરાતીઓ સ્વભાવે ભોળા અને વિશ્વાસ થી બનેલા છે. તેઓને આવા વ્યાજખોરોના ચંગુલથી બચાવવા અને પોલીસ અંગે પ્રવર્તમાન ગેર માન્યતા દુર કરવાનું બીડું ગુજરાત રાજયના મંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની સરકારે ઉઠાવ્યું છે. જેમાં પ્રજા પોલીસના દ્વારે નહિ પરંતું પોલીસ પ્રજાની પડખે, પ્રજાને દ્વારે આવે છે. તેમણે પોલીસની કામગીરીની સરાહના કરતા ઉમેર્યુ હતું કે, પોલીસે લીધેલુ કામ ક્યારેય અધુરૂ નથી રહેતું. પોલીસે અનેક માતાઓના દિકરા બનીને તેઓના નાણા,ઘર,દાગીનાને વ્યાજ ખોરોથી બચાવ્યા છે. તેમણે ગુજરાત પોલીસ અને તાપી જિલ્લા પોલીસને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જાહેર જનતાને પણ આ દુષણ દુર કરવા આપ સૌની ભાગીદારી જરૂરી છે એમ આહવાન કર્યુ હતું. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ પ્રધાનમંત્રી સ્વનિધી યોજનાના માધ્યમથી અનેક લોકોના જીવન પરિવર્તનનું કામ કર્યુ છે. આ યોજના સામાન્ય નાગરિકો માટે નવજીવન સમાન છે. તેમણે તાપી જિલ્લામાં પોલીસ તંત્રએ ૫૯૦ પરિવારોએ ૧૮ કરોડ ૭૩ લાખની લોન આપવામાં આવી છે એમ જણાવી આ કામગીરી માટે સૌને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે તાપી જિલ્લા પોલીસને ખાસ અભિનંદન પાઠવતા પારદર્શક રીતે યુવાનોને સરકારી નોકરી મળે તે અર્થે પરિક્ષાઓની તૈયારી કરાવવા નિ:શુલ્ક વર્ગો શરૂ કરવા બદલ સરાહના કરી હતી. વધુમાં ગુજરાત રાજ્યમાં પરીક્ષાના પેપરો ફુટે નહિ તે માટે કડક કાયદા કરવામાં આવ્યા છે. હવે નવા કાયદાઓ અનુસાર પેપર ફોડનારા જેલની બહારનો સુરજ ન જોશે એમ ખાત્રી આપી હતી. શ્રી સંઘવીએ નવા ચૂંટાયેલા પ્રતિનિધીઓનો ઉત્સાહ અદભુત છે એમ જણાવી તેઓના પ્રયાસો થકી ગૃહ વિભાગમાંથી તાપી જિલ્લામાં નવા ૧૧૦ સીસીટીવી કેમેરાઓ લાગશે એમ જાહેરાત કરી હતી. તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને જિલ્લા તંત્ર તાપી જિલ્લાના વિકાસ માટે આગળ છે એમ સરાહના કરી હતી. તાપી જિલ્લામાં વિતાવેલી પોતાની રાજકિય કારકિર્દી સમયની યાદો વર્ણવતા વધુમાં ઉમેર્યું હતું કે, તાપી જિલ્લા પાસેથી ઘણું મેળવ્યું છે પરંતું તાપીને કઇક આપવાનો મોકો પહેલી વાર મળ્યો છે. આ પ્રસંગે જિલ્લા પ્રભારીશ્રી મુકેશ પટેલે તાપી જિલ્લાનો ચિતાર આપતા વર્ણવ્યું હતું કે, તાપી જિલ્લાની પ્રજા ખુબ જ શાંતીપ્રિય છે. તેમણે જીઆઈડીસી કે અન્ય ઉદ્યોગો જેવાકે સી ફુડ પાર્ક તાપી જિલ્લામાં વિકસાવી સ્થાનિક નાગરિકોને રોજી રોટી મળે તે માટે ખાસ વિનંતિ કરી હતી. તેમણે તાપી જિલ્લાની યુવા શક્તિને સ્થાનિક કક્ષાએ રોજગારી મળે તે માટે આયોજન કરવા ખાસ અનુરોધ કર્યો હતો. અંતે તેમણે સૌ નાગરિકોને વ્યારા સુગરના પ્રશ્ન અંગે આવતા ૩ મહિનામાં સુગર શરૂ થશે એવા આયોજન અંગે જાણકારી આપી હતી. સુરત રેંજના એડીશનલ ડી.જી.પી.શ્રી પિયુષ પટેલે પ્રાસંગિક ઉદ્બોધન કરતા ગુજરાત સરકારશ્રી દ્વારા કાયદેસર રીતે ઓછા ધિરાણે પૈસા મળી શકે તે માટે વિવિધ લાભો બેંકના માધ્યમ થકી અને સરકારી યોજનાઓ દ્વારા મળતા લાભ અંગે નાગરિકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે એમ જણાવ્યું હતું. તેમણે છેલ્લા એક મહિનામાં તાપી જિલ્લામાં ૩૬૩ લાભાર્થીઓને ૬.૫ કરોડની લોન આપવામાં આવી છે એમ ઉમેર્યુ હતું. સ્વાગત પ્રવચન કરતાડી.વાય.એસ.પી શ્રી સી.એમ.જાડેજાએ લોન મેળા અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, તાપી જિલ્લા નૈસર્ગિક સંપદાથી ભરપૂર છે. જેમાં નાગરિકોની નાણાકિય જરૂરીયાત સંતોષાય અને લોકો વ્યાજખોરીનો ભોગ ન બને તે માટેની ઝુંબેશ ગુજરાત સરકાર અને જિલ્લા પોલીસ તંત્ર દ્વારા હાથ ધરાયેલ છે. આ મુહિમને પ્રજાની વચ્ચે લઈ જઈ સરકાર પ્રજાને દ્વારના લક્ષ્ય સાથે તાપી જિલ્લા દ્વારા સરાહનિય કામગીરી કરવામાં આવી રહી છે. આ પ્રસંગે લોન મેળાના લાભાર્થી વ્યારાના રહેવાસી બાલક્રિશ્નન ભૈયા તથા આંબિયાના અર્ચના ગામીતે પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના હેઠળ મળેલ લોન અંગે પોતાના અનુભવો વર્ણવ્યાહતા.આ પ્રસંગે મહાનુભાવો ના હસ્તે ૧૦ નાગરિકોને આજે પ્રતિકાત્મક રૂપે લોનની મંજુરી અંગેના પત્રો અને ચેક વિતરણ કરવામાં આવ્યા હતા. આ લોન મેળામાં જુદી જુદી બેંકોના સ્ટોલો લગાવવામાં આવ્યા હતા.જેથી કરી લોન વાચ્છુકો પોતાની મનપસંદ બેંકમાંથી લોન માટે અરજી કરી શકે, તથા મુઝવતા સવાલો વગેરે પણ કરી શકે તથા જેમા જે તે બેંક શાખાના માહિતીસભર પેમ્પલેટ્સ પણ વિતરણ કરવામાં આવ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું સંચાલન અરવિંદભાઇ ગામીતે કર્યું હતું. આ કાર્યક્રમમાં કલેક્ટરશ્રી ભાર્ગવી દવે, ધારાસભ્યશ્રી મોહન કોંકણી, ડૉ.જયરામ ગામીત, મોહનભાઈ ઢોડિયા, સાંસદશ્રી પ્રભુભાઈ વસાવા, જિ.પં.પ્રમુખશ્રી સુરજ વસાવા, ન.પા.પ્રમુખ સેજલ રાણા, ઈ.ચા.ડી.ડી.ઓશ્રી આર.જે.વલવી, વ્યારા પ્રાંત આર.સી.પટેલ, વ્યારા મામલતદાર હિમાશું સોલંકિ, સુમુલના મેનેજીંગ ડિરેક્ટર માનસિંગ પટેલ, પદ્મશ્રી રમીલાબેન ગામીત સહિત વિવિધ બેંકના મેનેજરશ્રીઓ, ઉચ્ચ અધિકારીઓ અને લાભાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સુપેરે પાર પાડવા જિલ્લા પોલીસ તંત્રએ ભારે જહેમત ઉઠાવી હતી.

# સ્પોર્ટ્સ અને શિક્ષણ એક સિક્કાના બે પાસા છે, બન્નોને સરખું પ્રાધાન્ય આપવું અતિઆવશ્યક : રમત-ગમત મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી

## વ્યારા સ્થિત અંદાજિત રૂ.૨૯ કરોડના ખર્ચે નવનિર્મિત થનાર રમત ગમત સંકુલ તથા સરકારી લાયબ્રેરી વ્યારાની મુલાકાત લેતા ગૃહ રાજ્ય અને રમત-ગમત મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી

કમલમ્ ન્યુઝ,

રમત-ગમત મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્યભરના દીકરા-દીકરીઓમાં સ્પોર્ટ્સનો જુવાળ જોવા મળી રહ્યો છે. કહી શકાય કે, ભારતના ખેલકૂદનો આ સૂવર્ણકાળ ચાલી રહ્યો છે. રાજ્યભરમાં મોટા પાયે સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભુ કરાઈ રહ્યું છે. જેની ભેટ તાપી જિલ્લાના રમતવીરોને મળવા જઈ રહી છે. તાપી જિલ્લાની મુલાકાતે પધારેલા રમત-ગમત મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ આજે વ્યારા સ્થિત કાનપુરા ખાતે નિર્માણાધિન રમત સંકુલની મુલાકાત લીધી હતી.અંદાજિત રૂ. ૨૯ કરોડના ખર્ચે આધુનિક સુવિધાઓથી સુસજ્ઞ આ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષામાં તાપી જિલ્લા સહિત સંપૂર્ણ દક્ષિણ ગુજરાતના પ્રતિભાશાળી રમતવીરોને પોતાની પ્રતિભા પ્રદર્શિત કરવા માટે આ સ્પોર્ટસ કોમ્પલેક્ષ ઉત્તમ પ્લેટફોર્મ સાબિત થશે. આ પ્રસંગે ગૃહ રાજ્ય અને રમત-ગમત મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ પ્રસન્નતાની લાગણી અનુભવતા જણાવ્યું કે,તાપી જીલ્લાના યુવાન ખેલાડીઓને રમત ગમત ક્ષેત્રે પ્રોત્સાહન મળે, ખેલાડીઓની ટ્રેનિગ માટે અત્યાધુનિક સંકુલની તૈયારી ચાલી રહી છે, તેમા પણ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી મુકેશ પટેલ તથા જિલ્લાના ચુંટાયેલા પ્રતિનિધિઓને જે સુચનો મળે એ સુચનોને સકારાત્મક રીતે અમલ કરીને આ પ્રોજેકટને ઝડપી પુર્ણ કરવામાં આવશે તેમ જણાવ્યુ હતું આજે રાજ્યના પ્રત્યેક રમતવીરોને પોતાની પ્રતિભાને પ્રદર્શિત કરવા માટે સુવર્ણ તકો ઉભી કરવામાં આવી રહી છે. આજે જેવી રીતે જિલ્લાઓના બાળકો રમતક્ષેત્રે રસ દાખવી રહ્યાં છે તે ખુબ જ પ્રસંશનીય છે. રમતક્ષેત્રે મોટા પાયે ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભુ કરીને બાળકોને રમત માટે સારુ વાતાવરણ પુરુ પાડીને પ્રોત્સાહિત કરવાના ધ્યેયમંત્ર સાથે કામ કરી રહેલી રાજ્ય સરકાર રમતક્ષેત્રે બાળકોના ભાવિની સતત ચિંતા કરી રહી છે. તાપી જિલ્લાના અસ્તિત્વને વધુ સમય નથી વિત્યો છતાંય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનરી નેતૃત્વ અને મુખ્ય મંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના ઉર્જાવાન આગેવાની હેઠળ જિલ્લામાં નિર્મિત આ સ્પોર્ટ્સ સંકુલ શોભાન્વિત કરશે. આ પ્રસંગે જિલ્લા રમત-ગમત અધિકારીશ્રીચેતન પટેલે દ્વારા નિર્માણાધિન તમામ સુવિધાઓથી સુસજ્ઞ ગ્રાઉન્ડ અને સ્પોર્ટ્સ સંકુલની ઝીણવટપૂર્ણ માહિતીથી વાકેફ કરાવ્યા હતા.



૨૦૦ ખેલાડીઓની ક્ષમતાયુક્ત ભવન તથા સિન્થેટિક ટ્રેક તાપી જિલ્લાના રમતવીરોની પ્રતિભાને પ્રસ્થાપિત કરવા માટે શ્રેષ્ઠ પ્લેટફોર્મ : ગૃહ રાજ્ય અને રમત-ગમત મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી

વ્યારા સ્થિત સરકારી લાઈબ્રેરીની મુલાકાત

અત્રે ઉલ્લેખનીય છે કે પોતાના તાપી જિલ્લાના પ્રવાસ દરમિયાન શ્રી સંઘવીએ વ્યારા સ્થિત સરકારી લાયબ્રેરી વ્યારાની પણ મુલાકાત લીધી હતી, આ મુલાકાત દરમિયાન મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ લાઈબ્રેરીમાં વાંચતા વિદ્યાર્થીઓ સાથે વર્તાલાપ કર્યો હતો. લાયબ્રેરીમાં આપવામા આવતી સુવિધાઓ વિશે જાણકારી મેળવી હતી જેમા હજુ વધારે સારી સુવિધાઓ થઈ શકે તે માટેનું સુચન વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવ્યું હતુ.વિભાગ દ્વારા આ સુચનોને આવનારા દિવસોમા ઝડપથી કેવી રીતે અમલમાં લાવી શકાય તે વિશે વિગતે ચર્ચા કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

આ સાથે વિદ્યાર્થીઓ આવનારી પરિક્ષાઓમાં સફળ થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.જ્યાં જિલ્લાના યુવાધનને સ્પોર્ટ્સ અને શિક્ષણને એક સિક્કાના બે પાસા ગણાવતા, બન્નો વિષયોને સરખું પ્રાધાન્ય આપવા સમજણ પુરી પાડી પ્રોત્સાહિત કાર્ય હતા. આ મુલાકત દરમિયાન પ્રભારી મંત્રીશ્રી મુકેશ પટેલ, કલેક્ટર સુશ્રી ભાર્ગવી દવે, ધારાસભ્યશ્રીઓ મોહનભાઈ કોંકણી, ડૉ.જયરામભાઈ ગામીત, મોહનભાઈ ઢોડિયા, સાંસદશ્રી પ્રભુભાઈ વસાવા, જિ.પં.પ્રમુખશ્રી સુરજભાઈ વસાવા સહિત અન્ય પધાધિકારીશ્રીઓ તથા અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે નવી દિલ્હીમાં મેગા વોકથોન ઈવેન્ટ "વોકફોરહેલ્થ"નું આયોજન કર્યુ

## દેશભરના જિલ્લા મથકોએ 'સ્વસ્થ મહિલા સ્વસ્થ ભારત' થીમ હેઠળ સાયકલેથોનનું પણ આયોજન કરવામાં આવ્યું





શારીરિક પ્રવૃત્તિના સ્વાસ્થ્ય લાભો નોન-કમ્યુનિકેબલ ડિસીઝ (NCDs)ના ઓછા જોખમ સાથે સંબંધિત નથી પણ માનસિક સુખાકારી પર પણ સકારાત્મક અસર કરે છે

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે નવી દિલ્હીમાં એક મેગા વોકફોરહેલ્થ ઈવેન્ટનું આયોજન કરે છે. ઉત્સાહી સહભાગીઓ, સારા સ્વાસ્થ્ય માટે ચાલતા, ખૂબ ઉત્સાહ સાથે અને મોટી સંખ્યામાં ભાગ લીધો. શારીરિક અને માનસિક સુખાકારીને પ્રોત્સાહન આપવા માટે આવી રેલીઓનું આયોજન કરવામાં આવે છે. ફિટ ઈન્ડિયા માટે માનનીય પ્રધાનમંત્રીના વિઝનને અનુસરીને, વોકથોન અને સમાન ઈવેન્ટ્સનો ઉદ્દેશ નાગરિકોની વર્તણુકમાં ફેરફાર લાવવા અને વધુ શારીરિક રીતે સક્રિય જીવનશૈલી વિશે જાગૃતિ ફેલાવવાનો છે. આવી પહેલોને આગળ વધારતા, કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા કે જેઓ સાયકલ ચલાવવાના તેમના ઉત્સાહ માટે "ગ્રીન એમપી" તરીકે પણ જાણીતા છે, તેઓ સ્વાસ્થ્ય અને તંદુરસ્તી માટે શારીરિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપી રહ્યાછે. તેજાણીતું છે કે બિન-સંચારી રોગો (NCDs) દેશમાં ૬૩% થી વધુ મૃત્યુ માટે જવાબદાર છે અને તે તમાકુનો ઉપયોગ (ધૂમ્રપાન અને ધૂમ્રપાન), દારૂનો ઉપયોગ, નબળી આહાર જેવી ટેવો, અપૂરતી શારીરિક પ્રવૃત્તિ અને વાયુ પ્રદૂષણ મુખ્ય વર્તન જોખમ પરિબળો સાથે મજબૂત રીતે અને કારણભૂત રીતે સંકળાયેલા છે. એનસીડીના વિકાસ માટે શારીરિક નિષ્ક્રિયતા એ મુખ્ય જોખમી પરિબળોમાંનું એક છે. નેશનલ NCD મોનિટરિંગ સર્વે (NNMS) (૨૦૧૭-૧૮) દરમિયાન પણ આ જ પ્રતિબિંબિત થાય છે કે ૪૧.૩% ભારતીયો શારીરિક રીતે નિષ્ક્રિય છે. શારીરિક પ્રવૃત્તિના સ્વાસ્થ્ય લાભો માત્ર રક્તવાહિની રોગ, હાયપરટેન્શન, ડાયાબિટીસ, કેન્સર વગેરે સહિત એનસીડીના ઓછા જોખમો સાથે સંબંધિત નથી, પણ તે માનસિક સ્વાસ્થ્ય પર હકારાત્મક અસર કરે છે, ઉન્માદની શરૂઆતમાં વિલંબ કરે છે અને સુખાકારીને પ્રોત્સાહન આપે છે. આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે, શારીરિક અને માનસિક સુખાકારી અને પર્યાવરણને અનુકૂળ વાહનવ્યવહારને પ્રોત્સાહિત કરવા માટે પમી માર્ચ ૨૦૨૩ના રોજ દેશભરના જિલ્લા મથકો પર સાયકલિંગ ઈવેન્ટનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સાયક્લેથોન નામની ઈવેન્ટનું આયોજન 'સ્વસ્થ મહિલા સ્વસ્થ ભારત' થીમ હેઠળ કરવામાં આવ્યું હતું. આ સાયકલેથોનમાં ભાગ લેવા માટે સામાન્ય લોકોને આકર્ષવા જિલ્લા આરોગ્ય અધિકારીએ તમામ વ્યવસ્થા કરી છે. જેમ કે ઈવેન્ટની થીમ પોતે જ દર્શાવે છે કે મહિલાઓનું સ્વાસ્થ્ય પણ એટલું જ મહત્વનું છે. સ્વસ્થ મહિલાઓ માત્ર તેમના પરિવારમાં જ નહીં પરંતુ સમાજમાં પણ યોગદાન આપે છે અને અંતે ભારતને એક સ્વસ્થ રાષ્ટ્ર બનાવે છે. જો કે, જિલ્લા મુખ્યાલયમાં સાયકલિંગ ઈવેન્ટને પૂરક બનાવવા માટે, શારીરિક તંદુરસ્તી અને સુખાકારીને પ્રોત્સાહન આપવા માટે દિલ્હીમાં બીજી ઈવેન્ટ "વોક ફોર હેલ્થ"નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ હેઠળ આ વોક વિજય ચોકથી કર્તવ્ય પથ થઈને ઈન્ડિયા ગેટ થઈને નિર્માણ ભવન પહોંચી હતી. અગાઉ, 'આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ફેબ્રુઆરી ૨૦૨૩માં, આયુષ્યમાન ભારત-આરોગ્ય અને સુખાકારી કેન્દ્રો (AB-HWC) પર 'સ્વસ્થ મન, આરોગ્ય ઘર'ની થીમ હેઠળ તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં સમાન સાયકલિંગ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી વિશાલ ચૌહાણ, સંયુક્ત સચિવ, મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ, સફદરજંગ હોસ્પિટલ, રામ મનોહર લોહિયા (આરએમએલ) હોસ્પિટલ અને લેડી હાર્ડિન્જ મેડિકલ કોલેજ નામની કેન્દ્ર સરકારની હોસ્પિટલોના ડોક્ટરો, નર્સો અને સ્ટાફે પણ વોકાથોનમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ૫૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો અને જીવનશૈલી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ/રોગ જેમ કે હાઈપરટેન્શન, ડાયાબિટીસ, માનસિક બીમારી અને કેન્સરને રોકવા અને નિયંત્રણ કરવા માટે સ્વસ્થ અને સક્રિય જીવન અપનાવવાની પ્રતિજ્ઞા લીધી હતી.


જોઈએ છે

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું નામાંકિત અખબાર ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર

PRESS

"કમલમ દૈનિક"

સમગ્ર ગુજરાત માટે બ્યુરો ઓફિસ ફાળવવાની છે

સમગ્ર ગુજરાતમાં જિલ્લા તેમજ તાલુકા મથકે રિપોર્ટીંગ કરી શકે તેવા જિલ્લા ચીફ અને તાલુકા ચીફ તેમજ માનદ- રિપોર્ટરની નિમણુંક કરવાની છે.

રસ ધરાવતા (અનુભવી - બિનઅનુભવી) વ્યક્તિએ સંપર્ક કરવો

સંપૂર્ણ બાયોડેટા ઈ-મેલ દ્વારા મોકલવો

E-mail.: kamalamgujarat@gmail.com

મહેશ પટેલ - Mo.: 98249 10606


•Printer/Publisher/Owner &Editor: Mahesh N.Patel.•Printed At:-CaptialOffset 801/1,Gi.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 •Published -At A-3,Plot No R-13, TanishqComplex, NewGreencity, Sector-26, Gandhinagar(Gujarat) 382028